શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૬ કેસ

સે. ૯, ૨૯, ૩૦માંથી કેસ મળ્યા : વરસોડા, કલોલ અને રાંચરડામાં કેસ નોંધાયા : શહેરમાં ચાર અને ગ્રામ્યમાં ત્રણને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાના કેસમાં ઘટાડો નોંધાયો છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. શહેરમાં ૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે. ગાંધીનગર શહેરમાં આજે નવા ૩ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી છે. આજે નોંધાયેલા કેસ પણ લોકલ ટ્રાન્સમીશનથી સંક્રમિત થયાનું જણાયુ છે. આજે સે. ૩૦માં ૪૩ વર્ષીય મહિલા, સે. ૨૯માં ૬૫ વર્ષીય પુરૂષ અને સે. ૯ માં ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આજે નોંધાયેલા ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી થાય તે જોવા જણાવ્યુ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૩ કેસ નોંધાયા છે. જેમાં માણસામાં એક અને કલોલમાં બે કેસ નોંધાયા છે.

માણસાના વરસોડા ગામે એક કેસ મળેલ છે. જ્યારે કલોલમાં રાંચરડા ગામે એક અને કલોલ અર્બન-૨ વિસ્તારમાં એક કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેર-જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ સારો છે. આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૪ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

૨૦ વર્ષનો વિશ્વાસ-૨૦ વર્ષનો વિકાસ

‘વિશ્વાસથી વિકાસયાત્રા’ની રાજ્યવ્યાપી ઉજવણી

કેન્દ્રીય ગૃહ-સહકારિતા મંત્રી અમિતભાઇ શાહે વર્ચ્યુઅલ માધ્યમથી ૫૧૯ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમૂહૂર્તની ભેટ આપી : મુખ્યમંત્રી મહાત્મા મંદિરના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં સહભાગી થયા

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતનો ૨૦ વર્ષનો વિકાસ અને ગુજરાતીઓનો સરકાર પરનો ૨૦ વર્ષથી અવિરત વિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને આભારી છે. વડાપ્રધાનના માર્ગદર્શનમાં નંખાયેલા વિકાસના મજબુત પાયાને પરિણામે ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહની નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિતીમાં મહાત્મા મંદિર ગાંધીનગરમાં વિશ્વાસથી વિકાસ યાત્રાની રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સંબોધન કરી રહ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે વર્ચ્યુઅલી કુલ રૂ. ૧૧૭૯ કરોડના ખર્ચે કુલ ૫૧૯ જનહિતલક્ષી વિકાસકામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં પંચાયત, સામાન્ય વહીવટ, ગ્રામ વિકાસ, બંદરો અને વાહન વ્યવહાર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, જળસંપત્તિ, શિક્ષણ, સામાજિક ન્યાય અને અધિકારિતા, પાણી પુરવઠા, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ તથા માર્ગ અને મકાન વિભાગના રૂપિયા ૩૯૪ કરોડના ખર્ચે ૨૦૯ જેટલા વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ તથા રૂપિયા ૭૮૫ કરોડના ખર્ચે ૩૧૦ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પૈકી ગાંધીનગર સંસદીય વિસ્તારમાં રૂ. ૩૪૬ કરોડના ખર્ચે ૧૭૦ જેટલા વિકાસકાર્યો કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત સરકારનો આભાર માન્યો હતો. અમીત શાહે ગુજરાતે છેલ્લા એક વર્ષમાં મેળવેલી સિદ્ધિઓ વિશે કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં નીતિ આયોગના હર ઘર જલ, પીએમ-જય અને ગ્રામીણ વિકાસ ઈન્ડેક્સમાં ગુજરાત પ્રથમ છે. વૈશ્વિક ટકાઉ સૂચકાંકમાં સ્વાસ્થ્ય અને ઉદ્યોગમાં પ્રથમ ક્રમે, જ્યારે ઊર્જા-જળવાયુમાં વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં પ્રથમ ક્રમે રહ્યું છે. ભારતની કુલ નિકાસમાં ગુજરાત રાજ્ય ૩૦ ટકાના હિસ્સા સાથે પ્રથમ ક્રમે છે. ગુજરાતના છેલ્લા ૧૦ વર્ષમાં ૮.૨ ટકાના વિકાસ દરથી વૃદ્ધિ કરી છે. કોરોના મહામારીમાંથી વિશ્વ ઊભું પણ થયું નહોતું તેવામાં ગુજરાતની ભૂપેન્દ્રભાઈની સરકારે છેલ્લા એક વર્ષમાં આ વૃદ્ધિ દરને જાળવી રાખવામાં સફળતા મેળવી છે. દેશમાં છેલ્લા ૮ વર્ષોમાં ૩૧.૩ લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું છે, જેમાંથી માત્ર ૫૭ ટકા એટલે કે ૧૭.૭ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ માત્ર ગુજરાતમાંથી જ આવ્યું છે. ગુજરાતે આજે સેમીકંડક્ટરના નિર્માણક્ષેત્રે અંદાજે ૧.૪૦ લાખ કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા છે,

આઈપીએસ અધિકારી સતીષ વર્માને નિવૃત્તિના એક મહિના પહેલા જ ડિસમિસ કરાયા

કેન્દ્ર સરકારે ૩૦ ઓગસ્ટના રોજ તેમને બરતરફ કરવાનો ઓર્ડર ઈશ્યૂ કર્યો હતો, તેમની સામેની વિવિધ ડિપાર્ટમેન્ટલ કાર્યવાહીના પગલે આ નિર્ણય લેવાયો

અમદાવાદ, તા.૧૩

ગુજરાત કેડરના આઈપીએસઅધિકારી સતીષ વર્માને નિવૃત્તિના એક મહિના પહેલા જ ડિસમિસ કરવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી છે. સતીષ વર્માએ ઈશરત જહાં એક્રાઉન્ટર કેસની તપાસ કરી હતી અને તે સમયે કેટલાક પોલીસ અધિકારીઓની ધરપકડ પણ કરી હતી. તેઓ ૩૦ સપ્ટેમ્બરના રોજ નિવૃત્ત થવાના હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, કેન્દ્ર સરકારે ૩૦ ઓગસ્ટના રોજ તેમને બરતરફ કરવાનો ઓર્ડર ઈશ્યૂ કર્યો હતો. તેમની સામેની વિવિધ ડિપાર્ટમેન્ટલ કાર્યવાહીના પગલે આ નિર્ણય લેવાયો હતો.

ડેક્કન હેરાલ્ડના અહેવાલ અનુસાર, સતીષ વર્માને બરતરફ કરવાના કારણોમાં એક કારણ તેમણે મીડિયા સમક્ષ કેટલીક બાબતો રજૂ કરીને દેશના આંતરરાષ્ટ્રીય સંબંધોને હાનિ પહોંચાડી હોવાનું પણ અપાયું છે. જોકે, આ મામલે સતીષ વર્મા કે પછી ગુજરાત સરકાર દ્વારા સત્તાવાર રીતે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા નથી અપાઈ.

સતીષ વર્મા સામે લેવાયેલા શિસ્તભંગના પગલાંને તેમણે દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યા છે. પોતાના ડિસમિસ ઓર્ડરને પણ તેમણે આ જ કોર્ટમાં પડકાર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. કેન્દ્ર સરકારે તેમનો ડિસમિસ ઓર્ડર ૦૧ સપ્ટેમ્બરથી લાગુ પડશે તેવી રજૂઆત કરી છે.

ગીર સોમનાથના ગામમાં બે દીપડા વચ્ચે ખેલાયો જંગ

બે દીપડા વચ્ચે જંગ ખેલાતો હોય તેવા દ્રશ્યો મોબાઇલના કેમેરામાં કેદ થયા છે, દીપડાને કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો છે : ગીર જંગલ નજીકના એક ગામમાં સિંહ આવી ચડ્યો હતો

ગીર સોમનાથ,તા.૧૩

કોડિનારના આસપાસના વિસ્તારોમાં વારંવાર વન્ય પ્રાણીઓ દેખાતા હોય છે. ત્યારે ગીર સોમનાથના કોડિનારના પેઢાવાડા ગામમાં બે દીપડા વચ્ચે જંગનો એક વીડિયો વાયરલ થયો છે. જે સ્થાનિકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. આ વીડિયો તે ગામના જ એક વ્યક્તિએ પોતાના કેમેરામાં કેદ કર્યો હતો. ગીર સોમનાથ પંથકમાં વન્ય પ્રાણીઓ અવારનવાર આવી જતા હોય છે. ત્યારે બે દીપડા વચ્ચે જંગ ખેલાતો હોય તેવા દ્રશ્યો મોબાઇલના કેમેરામાં કેદ થયા છે. દીપડાને કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો છે. ગીર જંગલ નજીકના એક ગામમાં સિંહ આવી ચડ્યો હતો. સિંહે એક ગાય પર હુમલો કરી રસ્તા પરજ મારણ કરી મીજબાની માણી હતી. જેના લાઈવ દ્રશ્યોનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

એક સિંહ ગામમાં ઘુસી આવતા પશુઓમાં અફડા તફડી મચી ગઈ હતી. અને સિંહે એક ગાયને નિશાન બનાવી તેમનાં પર હુમલો કરી દેતા ગાયનું ઘટના સ્થળેજ મોત નિપજ્યુ હતું. ત્યાર બાદ સિંહ શહેરી વિસ્તારમાં આવેલ રસ્તા પરજ મારણની મિજબાની માણી હતી. જોકે આ સમગ્ર ઘટનાનો લાઈવ વીડિયો ગામલોકો એ નિહાળી હતી. આમ સિંહ ગામમા ઘુસી આવતા ગામ લોકોમાં ભારે ભયનો માહોલ ફેલાયેલ હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

કુખ્યાત બૂટલેગર વિજુ સિંધી સામે ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસ

વડોદરાથી ભાગી ગયાના છ વર્ષ બાદ પગલું : કોઈ બૂટલેગર વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી હોય એવો આ કદાચ પહેલો કિસ્સો

વડોદરા , તા.૧૩

શહેરમાંથી ભાગી ગયાના છ વર્ષ બાદ ગુજરાતના કુખ્યાત બૂટલેગર વિજય ઉધવાણી ઉર્ફે વિજુ સિંધી વિરુદ્ધ ઈન્ટરપોલે રેડ કોર્નર નોટિસ બહાર પાડી છે. ૨૦૧૬માં ગેંગસ્ટર મુકેશ હરજાનીની હત્યા કેસમાં તેનું નામ સામે આવ્યા બાદ આરોપી ફરાર છે. કોઈ બૂટલેગર વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી હોય એવો આ કદાચ પહેલો કિસ્સો છે. પોલીસે જણાવ્યું કે, સ્ટેટ મોનિટરિંગ સેલ રાજ્યમાં દારુની હેરાફેરી કરતા બૂટલેગરો વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યું છે. સ્ટેટ મોનિટરિંગ સેલના એક અધિકારીએ જણાવ્યું કે, વિજુ સિંધી વિરુદ્ધ રાજ્યમાં કેટલાંક કેસો નોંધાયેલા છે. પરંતુ આ કેસમાં રેડ

કોર્નર નોટિસ જાહેર કરી શકાય નહીં.

પોલીસે આરોપી વિરુદ્ધ છેતરપિંડી, લાઈસન્સ અને નંબર પ્લેટ વગરના વાહનો ચલાવવા બદલ પણ ગુના નોંધ્યા છે. તેઓએ એવું પણ જણાવ્યું કે, આરોપી દેશના જુદા જુદા રાજ્યોમાં જઈ રહ્યો હતો અને બે મહિના પહેલાં જ તે દુબઈ ભાગી ગયો છે. આ માહિતી તેના પાસપોર્ટ ટ્રાવેલની વિગતો પરથી મળી છે. જે બાદ આની જાણ સીઆઈડી ક્રાઈમ, રાજ્ય સરકાર અને સીબીઆઈને કરવામાં આવી. જ્યારે તેની બાતમી મળી જાય કે તે ક્યાં છે એ પછી તેની ધરપકડ કરવામાં આવશે. બાદમાં પ્રત્યાર્પણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, એવું એક અધિકારીએ જણાવ્યું હતું.

વિજુ સિંધી વિરુદ્ધ રાજ્યના વિવિધ વિસ્તારોમાં ૩૮ જેટલાં કેસ નોંધાયેલા છે. તે વડોદરામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી તેની ગેંગ સાથે મળીને દારુનું રેકેટ ચલાવતો હતો.

ગુજરાત સૌપ્રથમવાર ‘‘વાર્તાથી વાવેતર’’ બાળવાર્તા બાળ મહોત્સવનો ભાવનગરથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૧૩

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતુ કે, ભાવનગરમાં બાળ શિક્ષણ ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં એક વિશિષ્ટ પ્રયોગ થવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં જાહેર થયેલી ન્યુ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦માં બાળકોની કેળવણીમાં વાર્તા અને ગીતોના મહત્વને વિશિષ્ટ પ્રાધાન્ય અપાયું છે ત્યારે આ જ વાત બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકા આજથી ૧૦૦ વર્ષ પહેલા કહી ચુક્યા છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગિજુભાઈના વાર્તાના શાસ્ત્રને ફરી મુર્તિમંત કરવા માટે એક અનોખો પ્રયોગ ગુજરાતમાં સૌપ્રથમવાર ભાવનગરથી શરુ થવા જઈ રહ્યો છે. જેમાં ગુજરાતના હાસ્ય કલાકાર સાંઈરામ દવે અને જય વસાવડા સહભાગી થશે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, આગામી તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૨નાં રોજ ભાવનગરના મેઘાણી ઓડીટોરીયમમાં શ્રી સાંઈલક્ષ્મી ફાઉન્ડેશનની ટીમ દ્વારા બાળગીત અને બાળવાર્તાને આંગિકમ-વાચિકમ અને અભિનયની સાથે અનોખી રીતે પ્રસ્તુત કરાશે. સાંઈરામ દવે અને તેની ટીમ દ્વારા વાર્તા વાચિકમ તેમજ શિક્ષક અને પ્રખ્યાત ગાયક વિમલ મહેતાની ટીમ દ્વારા બાળગીતોને અનોખી રીતે રજૂ કરવામાં આવશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં સર્જનાત્મકતા અને મૌલિકતા ખીલવવા માટે વાર્તા ખુબ જરુરી હોવાથી શિક્ષણવિદ સાંઈરામ દવે દ્વારા વાર્તાશાસ્ત્રને વિગતવાર સમજાવવામાં આવશે. સાથે જ વાર્તાથી જ જેમનું વ્યક્તિત્વ કેળવાયું છે અને સમગ્ર વિશ્વમાં જેમનું કટાર લેખક તરીકે પ્રખ્યાત નામ છે તેવા જય વસાવડા વાર્તાનું સાઈન્ટીફિક લોજિક અને વાર્તાના મહત્વ વિશે વક્તવ્ય આપશે.

આપની સરકાર ભ્રષ્ટાચાર મુક્ત-ભયમુક્ત શાસન આપશે : કેજરીવાલ

આપના નેતાનું રાજ્યના લોકોને વધુ એક વચન : ગુજરાતની જનતાના પૈસા રાજ્યના વિકાસ પાછળ ખર્ચવામાં આવશે એવી દિલ્હીના મુખ્યમંત્રીની ખાતરી

અમદાવાદ, તા.૧૩

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ ગુજરાતના પ્રવાસે છે, ત્યારે તેમણે કહ્યું કે, બે મહિના બાકી છે, બીજેપી જઈ રહી છે, આમ આદમી પાર્ટી આવી રહી છે. હું છેલ્લા ઘણા મહિનાઓથી ગુજરાતમાં ફરું છું, તેમજ વકીલો, ઓટો ડ્રાઈવરો, ખેડૂતો, વેપારીઓ, મને મળ્યા.. દરેકે કહ્યું કે, ગુજરાતમાં ખૂણે ખૂણે ભ્રષ્ટાચાર વ્યાપી ચૂક્યો છે. જો તમારે કોઈપણ સરકારી વિભાગમાં કામ કરાવવું હોય તો તમારે પૈસા ચૂકવવા પડે છે. નીચલા સ્તરે પણ ભ્રષ્ટાચાર છે, ઉપરના સ્તરે પણ આક્ષેપો થયા છે.

જો તમે તેમની સામે અવાજ ઉઠાવો તો તેઓ ડરાવવા અને ધમકાવવા પહોંચી જાય છે, વેપારીઓ ઉદ્યોગપતિઓને ધમકાવે છે અને કહે છે કે, તમારો ધંધો બંધ કરાવી દઈશું. ચારેબાજુ ભ્રષ્ટાચાર અને ગુંડાગીરી છે. આજે અમે ગેરંટી આપીએ છીએ. ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો ભ્રષ્ટાચાર મુક્ત અને ભયમુક્ત શાસન આપવામાં આવશે.

વધુમાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે, અમારો કોઈ પણ મુખ્યમંત્રી, મંત્રી, ધારાસભ્ય કે કોઈ પણ ધારાસભ્ય, પછી ભલે આપણે બીજા કોઈના સાંસદ હોય પણ અમે કોઈને ભ્રષ્ટાચાર કરવા નહીં દઈએ, ભ્રષ્ટાચાર કરશે તો જેલમાં મોકલીશું. ગુજરાતની જનતાના પૈસા ગુજરાતના વિકાસ પાછળ ખર્ચવામાં આવશે.

જો આપની સરકાર બનશે તો સરકારમાં દરેક વ્યક્તિનું દરેક કામ કોઈપણ લાંચ વગર થશે. એવી વ્યવસ્થા કરશે કે, તમારે કામ કરાવવા જવું નહીં પડે, તમારા ઘરે સરકાર આવશે. દિલ્હીમાં ડોરસ્ટેપ ડિલિવરી સ્કીમ લાગુ છે.

નેતાઓ, મંત્રીઓ, ધારાસભ્યોના તમામ કાળા કારોબાર બંધ થશે. ઝેરી દારૂ વેચાય છે, આટલો નશો ક્યાંથી આવે છે. આ પાર્ટીઓમાં તેમના જ માતા-પિતા બેઠા છે.

પેપર લીક અટકાવવામાં આવશે, અગાઉના પેપર લીકના કેસ ખોલવામાં આવશે અને ગુનેગારોને જેલમાં ધકેલી દેવામાં આવશે. આ લોકોના કાર્યકાળ દરમિયાન થયેલા તમામ મોટા કૌભાંડોની તપાસ કરવામાં આવશે, લૂંટેલા પૈસા પાછા મળશે અને તે પૈસાથી તમારી શાળાની હોસ્પિટલો વીજળી, રસ્તા અને પાણી બનાવશે.

એસટીના ભાવનગરના

ડિવિઝનલ કન્ટ્રોલર ૫૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

ભાવનગર, તા.૧૩

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (જીએસઆરટીસી) ના ભાવનગરના ડિવિઝનલ કન્ટ્રોલર ક્લાસ વનપોતાના સરકારી બંગલામાં ૫૦ હજાર રુપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા છે. અશોક કેશવલાલ પરમાર નામના આ અધિકારીએ ઘરમાં બનિયાન અને શોર્ટ્સ પહેરેલી સ્થિતિમાં લાંચની રકમ સ્વીકારી તે સાથે જ એસીબી તેમના પર ત્રાટકી હતી, અને તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર-મહુવા રુટ પર ચાલતી ખાનગી બસોને એસટી વિભાગ દ્વારા કોઈ હેરાનગતિ ના કરવા બદલ આરોપી દર મહિને ૫૦ હજાર રુપિયાનો હપ્તો લેતા હતા. આ મામલે તેમની સામે એન્ટી કરપ્શન બ્યૂરોમાં ફરિયાદ થતાં અધિકારીને ઝડપી લેવા માટે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ભાવનગર એસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ અપાતા અશોક પરમારને ઝડપી લેવા માટે ખાનગી વ્યક્તિને ૫૦ હજાર રુપિયા કેશ સાથે તેમના સરકારી બંગલા પર મોકલવામાં આવ્યા હતા. ૧૨ સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે થયેલી કાર્યવાહીમાં આરોપી બનિયાન અને શોર્ટ્સ પહેરેલી હાલતમાં પોતાના ઘરે હતા અને તેમણે લાંચની રકમ સ્વીકારીને પોતાના ખિસ્સામાં મુકી તે સાથે જ એસીબીની ટીમ તેમને લાંચની રકમ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા.

ટીવીએસ મોટર કંપનીએ ગુજરાતમાં સંપૂર્ણપણે નવું ટીવીએસ રોનિન પ્રસ્તુત કર્યું

અમદાવાદ, તા.૧૩

દુનિયામાં ટૂ-વ્હીલર અને થ્રી-વ્હીલરની પ્રતિષ્ઠિત ઉત્પાદક ટીવીએસ મોટર કંપનીએ આજે અમદાવાદમાં ઉદ્યોગમાં પ્રથમ ‘મોડર્ન-રેટ્રો’ મોટરસાયકલ – ટીવીએસ રોનિન પ્રસ્તુત કરીને પ્રીમિયમ લાઈફસ્ટાઈલ સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે. ડિઝાઈનની દ્રષ્ટિએ ટીવીએસ રોનિન લાઈફસ્ટાઈલ સ્ટેટમેન્ટ છે, જે આધુનિક, યુવાન રાઈડરમાંથી પ્રેરણા લે છે. ટીવીએસ રોનિન સ્વભાવિક જીવનશૈલીને પ્રોત્સાહન આપવા સ્ટાઈલ ટેકનોલોજી અને સવારીના અનુભવ સાથે ડિઝાઈન કરેલ છે.

ટીવીએસ મોટરના ૧૧૦ વર્ષનો બહોળો વારસો તથા અગ્રણી ટેકનોલોજી અને ઈનોવેશન હવે જીવનની નવી રીત ટીવીએસ રોનિન પ્રસ્તુત થવાની સાથે અગ્રેસર થશે. કંપનીના પ્રીમિયમ લાઈફસ્ટાઈલ મોટરસાયકલિંગમાં પ્રવેશ સાથે મોટરસાયકલ એની સવારીની નવી રીત પ્રસ્તુત કરવાની એની કટિબદ્ધતાનું એક્સ્ટેન્શન છે. ટીવીએસ રોનિન વિવિધતાસભર ખાસિયતો ધરાવે છે, જેમાં વિશિષ્ટ ડિઝાઈન અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય થયો છે, જે તમામ વિસ્તારોમાં સુવિધાજનક સવારીનો અનુભવ સુનિશ્ચિત કરે છે. મોટરસાયકલ પ્રભાવશાળી ટેકનોલોજી અને સુવિધાજનક ખાસિયતો સાથે ઘણી સૌપ્રથમ ખાસિયતો પણ ધરાવે છે, જેમ કે ડ્યુઅલ-ચેનલ એબીએસ, વોઈસ આસિસ્ટન્સ અને સંવર્ધિત કનેક્ટિવિટી. અન્ય એક સૌપ્રથમ ખાસિયત સ્વરૂપે ટીવીએસ રોનિને બ્રાન્ડેડ વર્લ્ડ-ક્લાસ મર્ચન્ડાઈઝ અને કસ્ટમ એક્સેસરીઝ, કન્ફિગરેટરની એક્સક્લૂઝિવ રેન્જ પ્રસ્તુત થશે તેમજ અનુભવનો સમર્પિત પ્રોગ્રામ શરૂ કર્યો છે.

મોત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાણળા મળ્યું છે. જયારે આર્મી કેમ્પથી કુચ કરી માજી સૈનિકો પણ સિવિલ ખાતે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી આર્મી કેમ્પ પાસે માજી સૈનિકોએ અડીંગો જમાવતા ગાંધીનગર-ચિલોડા તરફ જવાનો માર્ગ એક બાજુ બંધ કરવામાં આવ્યો હતો. જયારે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. માજી સૈનિકના મૃત્યુ બાદ આંદોલન વધુ ઉગ્ર બનવા પામ્યું હતું.

ભારણ વધશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને આથી વધુ વપરાશ કે જરૂર મુજબ દર હજાર લીટરે રૂ ૧૦ થશે. જેના લીધે શહેરમાં માથાદીઠ વપરાશમાં ઘટાડો થાય તેવી પણ સંભાવના છે. અલબત્ત પ્રતિ વ્યકિત દીઠ ૧૪૪ લીટર વપરાશ પહોંચી શકે તે મુજબ પણ ગણતરી થઈ શકે છે. એટલે કે પાણીના વપરાશની આદર્શ માત્રા મુજબ જ ઉપયોગ થાય તે મુજબનુ આયોજન કરવામાં આવી રહ્યા છે. શહેરમાં હાલ પણ પાણીનો પુરતો સપ્લાય આપવામાં આવે છે. જેમાં પ્રતિદિન ૬૦ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે નવા આયોજન મુજબ આગામી ત્રણ દાયકાને ધ્યાનમાં રાખીને ૧૨૦ એમ એલ ડી ની ક્ષમતાને અનુલક્ષી વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે સરકારી કચેરીઓ પાસેથી પણ દર વસુલવામાં આવશે. પાણીની નવી લાઈન તેમજ આ આખા આયોજન માટે અંદાજિત રૂ ૨૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે જયારે ગટરની નવી લાઈન નાંખવા માટે પણ ૨૦૦ કરોડનો ખર્ચ થશે. જો કે આ યોજના અન્વયે કોર્પોરેશન કક્ષાએથી માત્રા નાણાંની ચુકવણી કરવામાં આવશે જયારે આયોજન અને વ્યવસ્થા પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી કરવામાં આવશે.

અથડામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે ઉલ્લેખનીય છે કે નવનિર્માણ અભિયાનની શરૂઆત પહેલા પોલીસે હુગલીથી બીજેપી સાંસદ લોકેટ ચેટર્જી, બીજેપી નેતા રાહુલ સિન્હા અને બીજા હુગલી સેતુ પાસે સુવેન્દુ અધિકારી સહિત અન્ય નેતાઓને કસ્ટડીમાં લીધા હતા. આ તમામ નેતાઓ માર્ચનું નેતૃત્વ કરવા માટે સંતરાગાચી તરફ જાય તે પહેલા જ પોલીસે તેમને કસ્ટડીમાં લીધા હતા. પોલીસે આ આગેવાનોને તેમના વાહનોમાં બેસાડી લીધા હતા. બીજી તરફ, નબન્ના ચલો અભિયાનમાં જોડાવા માટે ભાજપના કાર્યકરોને કોલકાતા લઈ જતી બસોને પોલીસે હાવડા, ઉત્તર ૨૪ પરગણા અને અન્ય સ્થળોએ સવારે અટકાવી હતી. જે બાદ ભાજપના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે મોટી સંખ્યામાં કાર્યકરોની અટકાયત કરી છે. બોલપુર રેલવે સ્ટેશન પર પણ રોકવામાં આવતા ભાજપના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું.

આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. શોરૂમની ઉપર લોજ છે, જેમાં ઘણા લોકો ફંસાયા હતા. અપર ડીએસપીના જણાવ્યા મુજબ, હાલ પણ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. આ પહેલા એપ્રિલ મહીનામાં પણ તમિલનાડુમાં આવી જ એક ઘટના બની હતી. અહીં પોરુર-કુંદરા સ્થિત શોરૂમમાં એક કસ્ટમરે તેની ઈ-બાઈકની બેટરીને ચાર્જિંગ માટે મુકી હતી. એટલામાં જ થોડીવાર જ આગ લાગી ગઈ હતી. ધીરે-ધીરે આખા શોરૂમમાં આગ લાગી ગઈ હતી. આ ઘટનામાં ૫ નવા ઈલેક્ટ્રિક સ્કુટર અને સર્વિસિંગ માટે આવેલા ૧૨ જૂના ઈલેકટ્રિક સ્કુટર સળગી ગયા હતા. આગ લાગ્યા પછી શોરૂમમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો.

ભાજપનું શાસન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિહોણું થયું હતું. ત્યારે બિહારમાં નીતિશકુમારે છોડેલા સાથનો બદલો ભાજપે સંઘ પ્રદેશ દાદર નગર હવેલીમાં લીધો છે. જ્યાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાંથી જેડીયુનું અસ્તિત્વ જ ભાજપે ખતમ કરી દીધું છે. કારણ કે દાદરાનગર હવેલી જેડીયુના પ્રદેશ પ્રમુખ સહિત પ્રદેશ સંગઠનના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ જેડીયુ છોડી અને ભાજપમાં બેસી જતા સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના રાજકારણમાંથી જેડીયુનો એકડો નીકળી ગયો છે. આમ બિહારમાં નીતિશકુમારે રમેલા રાજકારણનો બદલો ભાજપ એ સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં લીધો છે. અને જેડીયુનું નામ પ્રદેશમાંથી નામશેષ કરી નાખ્યું છે.

ત્રણનાં મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રેઈલર ઝડપી ગતિમાં જમણી તરફ વળવાની કોશિશ કરે છે આ દરમિયાન ડાબી તરફના હાઈવે પરથી કાર ટ્રેઈલર પસાર થઈ જાય તે પહેલા આગળ વધી જવાની કોશિશ કરતા જોવા મળે છે. જેમાં એક કાર નીકળી જાય છે પરંતુ તેની પાછળ આવી રહેલી અન્ય ત્રણ કાર આગળ જઈ શકતી નથી, જ્યારે એક કાર આખી ટ્રેઈલરની નીચે દબાઈ જાય છે, કાર દબાયા પછી ટ્રેઈલરમાં ભરેલો સામાન રસ્તા પર ઢળી જવાથી આખી કાર તેની નીચે દબાઈ જાય છે, આ અકસ્માતમાં કારમાં સવાર ત્રણના ઘટના સ્થળ પર જ મોત થઈ ગયા હતા.

આ અકસ્માત સોમવારે બપોરે સર્જાયો હતો, જેમાં કારના ડ્રાઈવર અને ટ્રેઈવર બન્નેની ઉંમર છતી થઈ રહી છે. અકસ્માત બાદ પોલીસનો કાફલો ઘટના સ્થળ પર પહોંચી ગયો હતો પરંતુ કારમાં સવાર લોકોનો જીવ બચાવી શકાયો નહોતો.